શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૦૨ |
| અમદાવાદ | ૧૯૧ |
| ગાંધીનગર | ૩૨ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૬ | ૫ ઓક્ટોબર, ૨૦૨૦, સોમવાર; અ. આસો વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઓક્સફર્ડની વેક્સિન ત્રણ મહિનામાં આવી શકે છે

**૨૦૨૧ની શરૂઆતમાં મંજૂરી મળી શકે છે : આરોગ્ય અધિકારીઓનો અંદાજ છે કે દરેક પુખ્ત વ્યક્તિ છ મહિનાની અંદર રસીનો ડોઝ મેળવી શકે છે**

બ્રિટન,તા.૪

યુકેના ટાઈમ્સના એક અહેવાલ મુજબ ઓક્સફર્ડ વેક્સીન ૩ મહિનામાં તૈયાર થવાની સંભાવના છે. અખબારે જણાવ્યા મુજબ રેગ્યુલેટર્સ ૨૦૨૧ પહેલા




યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસિત કોવિડ-૧૯ રસી, જે ક્લિનલ ટ્રાયલ્સના અંતિમ તબક્કામાં છે, તેને ૨૦૨૧ની શરૂઆતમાં દેશના રેગ્યુલેટર્સ દ્વારા મંજૂરી મળી શકે છે. વૈજ્ઞાનિકોને જણાવ્યું કે, બ્રિટનમાં કોરોના મંજૂરી આપે તેવી આશા રાખીને વૈજ્ઞાનિકો વેક્સીન પર કામ કરી રહ્યા છે. સંપૂર્ણ કોવિડ -૧૯ રસીકરણ કાર્યક્રમમાં બાળકોને બાકાત રાખવામાં આવશે. આરોગ્ય અધિકારીઓનો અંદાજ છે કે દરેક પુખ્ત વ્યક્તિ છ મહિનાની અંદર રસીનો ડોઝ મેળવી શકે છે.

યુરોપિયન મેડિસીન્સ એજન્સીએ ગુરુવારે કહ્યું કે તેણે એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફર્ડ યુનિવર્સિટીની સંભવિત કોવિડ -૧૯ રસીના ડેટાની સમીક્ષા કરવાનું શરૂ કર્યું છે. યુરોપિયન રીવ્યુના સમાચારોમાં બ્રિટીશ રસીની સંભાવનાઓ વધી ગઈ છે, જે કોવિડ -૧૯ સામે સફળ રસીની રેસમાં જોવા મળી રહી છે. જે કોરોના વાયરસથી થતાં રોગ માટે યુરોપમાં માન્યતા પ્રાપ્ત કરનારી પહેલી વેક્સીન છે.

કોરોનાને કારણે વિશ્વભરમાં અત્યાર સુધી ૧૦ લાખથી વધુ લોકોના મોત થયા છે. આ રસી કોરોનાના દર્દીઓને વાયરસ સામે રક્ષણ આપવામાં પણ સફળ

● અનુસંધાન પાન-૭ પર

## આગામી જુલાઈ સુધીમાં ૨૫ કરોડને વેક્સિન આપવાનુ લક્ષ્યાંક : ડૉ. હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કોરોનાના લાખો કેસ વચ્ચે એક લાખ લોકોના મોત આ જીવલેણ વાયરસથી થઈ ચુક્યા છે ત્યારે હવે કેન્દ્ર સરકારના મંત્રી હર્ષવર્ધને કોરોનાની વેક્સિનને લઈને મહત્વનુ નિવેદન આપ્યુ છે. આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને કહ્યુ હતુ કે, ભારત સરકારનુ લક્ષ્ય છે કે, જુલાઈ ૨૦૨૧ સુધીમાં ૨૫ કરોડ જેટલા ભારતીયોને કોરોનાની વેક્સિન ઉપલબ્ધ કરાવવી. સરકારની યોજના આ વેકિસનના ૫૦ કરોડ જેટલા ડોઝ મેળવવાની અને ઉપયોગની છે.

રાજ્યોને ઓક્ટોબરના અંત સુધીમાં તેમની વસતીના કયા ગ્રૂપને વેક્સિનની વધારે જરુર છે તેની જાણકારી આપવા માટે કહ્યુ છે. સરકારની પ્રાથમિકતા સ્વાસ્થ્ય કર્મીઓમાં સૌથી પહેલા રોગ પ્રતિકારક ક્ષમતા ડેવલપ કરવાની છે. તેમણે કહ્યુ હતુ કે, વેક્સિનની ખરીદી કેન્દ્રિય સ્તરે કરાશે. વેક્સિનની જેટલી પણ ખેપ પહોંચાડાશે તેનુ ટ્રેકિંગ થશે. વેક્સિન પ્રોડક્શન માટે કંપનીઓને સરકાર તમામ પ્રકારનુ સમર્થન આપી રહી છે. ભારત સરકાર વેકિસન બનાવવા માટેનુ મટિરિયલ ઉપલબ્ધ કરવા માટે પણ પ્રતિબધ્ધ છે.

# એલજેપી નીતીશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી નહીં લડે

**ભાજપ પાર્ટી સાથે ગઠબંધન રહેશે! : બેઠકમાં ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો, બેઠકમાં એલજેપી-ભાજપ સરકારનો પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યો**

નવી દિલ્હી,તા.૪

બિહાર વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેરથી ગઈ છે. પરંતુ હજુ સુધી એનડીએ ગઠબંધન વચ્ચે સીટોની વહેંચણી થઈ શકી નથી. લોક જનશકિત પાર્ટી સીટ વહેંચણીને લઈને સતત દબાવ બનાવી રહી છે, પરંતુ તેને સફળતા ન મળતા હવે એનડીએથી અલગ થવાનો નિર્ણય લઈ લીધો છે. આજે યોજાયેલી પાર્ટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે, એલજેપી નીતીશ કુમારની આગેવાનીમાં એનડીએ સાથે મળીને ચૂંટણી લડશે નહીં. ચૂંટણી પહેલા એનડીએમાં ફૂટ પડી છે. લોક જનશક્તિ પાર્ટીએ રવિવારે નિર્ણય લીધો કે પાર્ટી એનડીએ ગઠબંધન તરફથી નીતીશ કુમારની આગેવાનીમાં વિધાનસભા ચૂંટણી લડશે નહીં. પાર્ટી 'બિહાર ફર્સ્ટ બિહારી ફર્સ્ટ' નારાની સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. પરંતુ પાર્ટીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સમર્થન કર્યું છે. સૂત્રો પ્રમાણે પાર્ટી અધ્યક્ષ ચિરાગ પાસવાનની અધ્યક્ષતામાં લોજપા સંસદીય બોર્ડની બેઠકમાં ભાજપની સાથે ગઠબંધનના પક્ષમાં એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો અને કહ્યું કે, તેના ધારાસભ્યો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હાથને મજબૂત કરવા માટે કામ કરશે. ભાજપે પહેલા જ જાહેરાત કરી હતી કે એનડીએ બિહાર ચૂંટણી



મુખ્યમંત્રી નીતીશ કુમારના નેતૃત્વમાં લડશે. તેવામાં રાજ્યમાં એલજેપીનું એનડીએ સાથે ગઠબંધન તૂટી શકે છે. પરંતુ કેન્દ્રમાં ભાજપની સાથે ગઠબંધન યથાવત રહી શકે છે. ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિ વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવારોને અંતિમ રૂપ આપવા માટે આજે સાંજે બેઠક કરી રહી છે. બિહાર ચૂંટણી માટે ૨૮ ઓક્ટોબરે પ્રથમ તબક્કાનું મતદાન થશે.

# દેશમાં કોરોનાના કેસ ૬૫ લાખને પાર

**૨૪ કલાકમાં ૭૫૮૨૯ પોઝિટિવ કેસ : વધુ ૯૪૦ના મોત સાથે મૃત્યુઆંક પણ ૧,૦૧,૭૮૨એ પહોંચ્યો : એક સપ્તાહથી ઓછા સમયમાં કોવિડ ૧૯ના ૫ લાખ દર્દીઓ નોંધાયા**

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કોરોના વાઈરસનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૫,૮૨૯ પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૯૪૦ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૫,૪૯,૩૭૪ પર પહોંચી ચૂકી છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૧,૦૧,૭૮૨ લોકોને ભરખી ચૂક્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



# આજે જીએસટી કાઉન્સિલની બેઠક

**વળતર મુદ્દે બિન-ભાજપ શાસિત રાજ્યો હંગામો કરે તેવી શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૪

સોમવારે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની બેઠકમાં ભારે હોબાળો મચાવવાની ધારણા છે કારણ કે બિન-ભાજપ શાસિત રાજ્યો વળતરના મુદ્દે કેન્દ્ર સાથે અસંમત છે. જીએસટી વળતરના મુદ્દે ભાજપ શાસિત રાજ્યો સહિત કુલ ૨૧ રાજ્યોએ કેન્દ્ર સરકારને ટેકો આપ્યો છે. આ રાજ્યો પાસે સપ્ટેમ્બરના મધ્ય સુધીનો સમય હતો કે વર્તમાન નાણાકીય વર્ષમાં જીએસટીની આવકમાં ઘટાડાની ભરપાઈ કરવા માટે રૂ ૯૭ હજાર કરોડ ઉધાર લેવાનો વિકલ્પ પસંદ કરે.

જોકે, પશ્ચિમ બંગાળ, પંજાબ અને કેરળ જેવા વિરોધી પક્ષો દ્વારા શાસિત રાજ્યોએ હજી સુધી કેન્દ્ર સરકાર દ્વારા દેવું ઉધારવા માટે આપેલ વિકલ્પ પસંદ કર્યો નથી. સૂત્રો કહે છે કે ૫ ઓક્ટોબરે યોજાનારી જીએસટી કાઉન્સિલની ૪૨ મી બેઠકમાં વિરોધી પક્ષો દ્વારા શાસિત રાજ્યો કેન્દ્રના વિકલ્પનો વિરોધ કરી શકે છે.

# કોરોનાગ્રસ્ત ટ્રમ્પ માટે આગામી ૪૮ કલાક મહત્ત્વપૂર્ણ

**વ્હાઇટ હાઉસના ચીફ ઓફ સ્ટાફના નિવેદનથી ખળભળાટ : હું પહેલાથી વધું ઠીક, જલ્દી પાછો આવીશ : ટ્રમ્પ**


વૉશિંગ્ટન,તા.૪

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના વાયરસનો ચેપ લાગ્યાના સમાચાર સામે આવ્યા છે ત્યારથી દુનિયાભરમાં તેમની ચર્ચા ચાલી રહી છે. આ બધાની વચ્ચે વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ માર્ક મીડોઝે કહ્યું હતું કે કોરોના વાયરસથી સંક્રમિત યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ ચિંતાજનક' તબક્કામાંથી પસાર થયા છે અને આગામી ૪૮ કલાક તેમના સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ટ્રમ્પની એક લશ્કરી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હોસ્પિટલમાં લઈ જતાં પહેલાં ટ્રમ્પને વ્હાઈટ હાઉસ ખાતે ઓક્સિજન આપવામાં આવ્યું હોવાના ઘટસ્ફોટ બાદ આ ટિપ્પણી કરવામાં આવી હતી. જોકે વ્હાઈટ હાઉસના સ્ટાફે જણાવ્યું હતું કે ટ્રમ્પમાં માત્ર નજીવા લક્ષણો જ જોવા મળ્યા હતા. અગાઉ ટ્રમ્પના ડૉક્ટરોએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ 'ખૂબ સારા મૂડમાં છે' અને છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન તેમને તાવ આવ્યો નથી. આ દરમ્યાન ડોનાલ્ડ ટ્રમ્પે હોસ્પિટલમાંથી એક સંદેશ બહાર પાડીને કહ્યું કે તેઓ ખૂબ જ સારું મહેસૂસ કરી રહ્યા છે. આપણે બધી બાબતોને નોર્મલ કરવા માટે તનતોડ મહેનત કરવી પડશે. મારે ફરી પાછું આવવું પડશે કારણ કે આપણે અમેરિકાને ફરી એકવાર મહાન બનાવવાનું છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પને કોરોનાનો ચેપ લાગતાં રિપબ્લિકન પાર્ટીની સમસ્યા વધી ગઈ છે.


## છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૨-૧૯૩૮ | સ્વર્ગવાસ તારીખ : ૦૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભૂલશું નહી, વિદાય એવી લીધી કે અમે વિસરશું નહી. છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ, આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી — શોભના જગદીશચંદ્ર સોલંકી
જયશ્રીબેન પુનારામ દેવાંગન
રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર) — જાનકી રિશી દેવાંગન
રાજેશ જાદવભાઈ સોલંકી — દિપીકા રાજેશ સોલંકી
ગીતા મહેન્દ્રકુમાર ભારવા — મહેન્દ્રકુમાર રોશનલાલ ભારવા
હરેશ જાદવભાઈ સોલંકી — સુનિતા હરેશ સોલંકી
પરેશ જાદવભાઈ આચાર્ય — પ્રતિમા પરેશ આચાર્ય
દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય — જીંદગી દુષ્યંત આચાર્ય
પાર્થ જગદીશચંદ્ર આચાર્ય — નેહા પાર્થ આચાર્ય

નિશિ ● ધ્રુવા ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ક્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર) ● શાન્વી (પ્રપૌત્રી)


# કેરળમાં નૌસેનાનું પાવર ગ્લાઈડર દુર્ઘટનાગ્રસ્ત થયું

**કોચ્ચીમાં પાવર ગ્લાઇડર ક્રેશ થતાં તેમાં સવાર લેફ્ટનન્ટ રાજીવ જહા અને પૈટી ઓફિસર સુનીલ કુમારનાં મોત**




કોચ્ચિ, તા. ૪

કેરળના કોચ્ચિમાં રવિવારે સવારે ભારતીય નૌસેનાનું એક પાવર ગ્લાઈડર નિયમિત ઉડાન દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. આ દુર્ઘટનામાં લેફ્ટેનન્ટ રાજીવ ઝા અને પૈટી ઓફિસર સુનીલ કુમારનું મોત થઈ ગયું. અહેવાલ છે કે દુર્ઘટના નેવી બેઝની પાસે થોપ્પુમડી પુલની નજીક થઈ. દુર્ઘટનાનો શિકાર થયેલા પાવર ગ્લાઈડરે આઈએનએસ ગરૂડથી ઉડાન ભરી હતી. દક્ષિણ નેવી કમાન્ડે બોર્ડ ઓફ ઈક્વાયરીના આદેશ આપ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# એનસીબીનાં ડેપ્યુટી ડિરેક્ટર મલ્હોત્રા કોરોના પોઝિટિવ

મુંબઈ,તા.૪

બોલિવૂડમાં ડ્રગ્સ કનેક્શનની તપાસ કરનારા અને દીપિકા પાદુકોણ, સારા અલી ખાન, શ્રદ્ધા કપૂરની પૂછપરછ કરનારા નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોનાં ડેપ્યુટી ડિરેક્ટર કેપીએસ મલ્હોત્રા કોરના સંક્રમિત થઈ ગયા છે. આ સાથે જ કેપીએસ મલ્હોત્રા મુંબઈથી દિલ્હી પરત આવી ગયા છે. આ વાતની જાણકારી ખુદ કેપીએસ મલ્હોત્રાએ એક ખાનગી ન્યૂઝચેનલને આપી છે. હાલમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચે ઉસ્માન અલી શેક નાનમાં એક ડ્રગ પેડલરની ધરપકડ કરી હતી. જેની પાસે મોટી માત્રામાં એમડી મળી આવ્યું હતું. આપને જણાવી દઈએ કે, સુશાંત સિંહ રાજપૂત કેસમાં ડ્રગ કનેક્શનની કડીઓ જોડાયા બાદ બોલિવૂડમાં ઘણાં ચર્ચિત ચહેરા એનસીબીની રડાર પર છે. હાલમાં જ એક્ટ્રેસ દીપિકા પાદુકોણની પૂછપરછ માટે એનસીબીએ સમન્સ બજાવ્યા હતાં.


## દ્વિતીય માસિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. સંજય બળદેવભાઈ પટેલ (કોલવડા)**

સ્વર્ગવાસ તા. ૫/૮/૨૦૨૦

જીવન એવું જીવી ગયા કે, ભુલશું નહી,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિ,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ,
આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

કાલીદાસ વી. પટેલ (ચેરમેન, ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.) — કેતનભાઈ ડી. પટેલ (વાઈસ ચેરમેન, દૂધ વા.સ.મંડળી લી.)
પ્રવિણસિંહ વી. વાઘેલા (શ્રી અંબિકા સ્ટોર, સેક્ટર-૨૨) — પ્રકાશભાઈ વી. સુખડીયા (જયઅંબે સ્વીટ માર્ટ (વૃંદાવન), સેક્ટર-૨૨)
વિરભદ્રસિંહ ડી. વાઘેલા (શિવમ્ કિરાણા સ્ટોર, સેક્ટર-૨૨) — જયેશભાઈ/કિર્તીભાઈ કે. સુખડીયા (બટુક સ્વીટ માર્ટ, સેક્ટર-૨૨)
નયનભાઈ એ. નાયી (ભગવતી હેર આર્ટ, સેક્ટર-૨૨) — હિતેશભાઈ કે. મોદી (સરસ્વતી સ્ટોર, સેક્ટર-૨૨)
નરેશભાઈ બી. દરજી (એ-વન ટેલર્સ, સેક્ટર-૨૨) — ગીરીશભાઈ એસ. શાહ (પાર્શ્વનાથ એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૨૨)
દશરથભાઈ એસ. પટેલ (સુવિધા ટી-સ્ટોલ, સેક્ટર-૨૨) — કિર્તીદા કલેક્શન (શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨)